# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06/01/2026** **Morning : 7.00 to 7.10**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **એસીબીના અધિક નિયામકની અધ્યક્ષતામાં રચાયેલું 6 સભ્યોનું ખાસ તપાસ દળ સુરેન્દ્રનગર જમીન કૌભાંડ કેસની તપાસ કરશે.**
2. **ગાંધીનગરમાં ટાઇફોઇડને કાબૂમાં લેવા તંત્ર દ્વારા 44 જેટલી ખાણીપીણીની લારીઓ બંધ કરવાની કડક કાર્યવાહી કરાઇ.**
3. **કચ્છના પશ્ચિમ રેન્જ વન વિભાગ દ્વારા વન્ય જીવોના અવશેષો અને શિકાર કરવાના શસ્ત્રો સાથે એકની ધરપકડ.**
4. **ગાંધીનગર નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે આજે શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ વિતરણ સમારંભ યોજાશે.**
5. **નવીદિલ્હી ખાતેના રાષ્ટ્રીય મહોત્સવમાં ગુજરાતના કુલ 76 પ્રતિભાશાળી યુવાનો ભાગ લેશે.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# SURENDRANGAR SIT

રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લામાં એક હજાર 500 કરોડના જમીન કૌભાંડના મામલામાં કેન્દ્ર સરકારની એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ ( ઇડી) દ્વારા સુરેન્દ્રનગરના કલેકટર રાજેન્દ્ર પટેલના ઘર પર દરોડા પડાયા હતા. આ ઘટનામાં રાજ્ય સરકાર દ્વારા કલેકટર રાજેન્દ્ર પટેલને સસ્પેન્ડ કરાયા હતા.

હવે આ જમીન કૌભાંડ અંગે લાંચ રૂશ્વત વિરોધી શાખા દ્વારા ખાસ તપાસ દળની રચના કરવામાં આવી છે. જેના કારણે પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે. આ કેસની તપાસ હવે એસીબીના અધિક નિયામક બિપિન અહિરેના નેજા હેઠળ 6 સભ્યોની સીટ દ્વારા કરવામાં આવશે.

---

# TYPHOID ACTION

ગાંધીનગર શહેરમાં ટાઈફોઈડના વધતા કેસોને નિયંત્રણમાં લેવા અને નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલી વિશેષ ઝુંબેશ બીજા દિવસે પણ યથાવત્ રહી હતી.

એસ્ટેટ શાખા અને ફૂડ સેફ્ટી વિભાગની ટીમો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ખાદ્યપદાર્થોનું ખુલ્લામાં વેચાણ કરતા એકમો સામે કાર્યવાહી કરીને તંત્ર દ્વારા કુલ 44 જેટલી લારીઓ અને ખાણીપીણીના સ્ટોલ બંધ કરાવવામાં આવ્યા છે.

જેમાં 18 પાણીપુરી અને રગડાની લારીઓ, 13 સોડા વેચતા એકમો, 7 પ્રેમ મેવાડ ફ્રુટ સલાડ તથા બદામ શેકના સ્ટોલ અને 6 બરફના ગોળાની લારીઓનો

**સમાવેશ થાય છે. આ તમામ સ્થળોએ બિનઆરોગ્યપ્રદ રીતે વેચાણ થતું હોવાથી અથવા રોગચાળો ફેલાવાની ભીતિ હોવાથી તંત્ર દ્વારા કડક હાથે કામગીરી કરાવવામાં આવી હતી.**

## CERAMIC MORBI

મોરબી જિલ્લો એ વૈશ્વિક સિરામિકનું કેન્દ્ર છે. ભારતની કુલ સિરામિક નિકાસમાં મોરબીનો હિસ્સો આજે 90 ટકાએ પહોંચ્યો છે. મોરબીની સિરામિક ક્લસ્ટરને આ મહિને રાજકોટમાં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRC કચ્છ-સૌરાષ્ટ્રમાં વિશેષ ઝૉન તરીકે રજૂ કરાશે.

## (BYTE: PRAVESH ADIACHA)

(.... મોરબીનો સિરામિક ઉદ્યોગ અંદાજે નવ લાખ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર આપે છે. 1970 અને 80ના દાયકામાં મોરબીમાં રૂફ ટાઈલ્સ અને ગ્લેઝ્ડ ટાઇલ્સનું ઉત્પાદન શરૂ થયું અને ધીમેધીમે મોરબી આધુનિક સિરામિક ઉદ્યોગ તરફ આગળ વધ્યું. નવી ટૅક્નોલૉજી, અદ્યતન યંત્ર અને ઉદ્યોગસાહસિક દૃષ્ટિકોણે શહેરને નવી ઓળખ આપી. આજે મોરબી ફ્લોર ટાઇલ્સ , વોલ ટાઇલ્સના ઉત્પાદન માટે વિશ્વસ્તરે જાણીતું છે. આ મહિને રાજકોટમાં યોજાનારી VGRCમાં મોરબીના સિરામિક ક્લસ્ટરના વિશેષ પ્રદર્શનમાં ‘અદ્યતન સિરામિક્સ’, ‘વેલ્યૂ-ઍડેડ પ્રૉડક્ટ્સ’, ‘એનર્જી-એફિશિયન્ટ ટૅકનોલૉજી ’ અને નવી ‘સિરામિક્સ પાર્ક ’ની પ્રગતિ મુખ્ય આકર્ષણ રહેશે.

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

---

# KUTCH SEIZER

રાજ્યના કચ્છ વન પશ્ચિમ રેન્જ દ્વારા વન્ય જીવોના અવશેષો અને શિકાર કરવા માટેની શસ્ત્રો જપ્ત કરાયા છે. વન વિભાગને મળેલી બાતમીના આધારે ભૂજ શહેરના રહેણાંક વિસ્તારમાં તપાસ કરવામાં આવી હતી. એક મકાનમાંથી પલંગ પેટીમાંથી શસ્ત્રો અને અવશેષો મળી આવતાં એક આરોપીની ધરપકડ કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

---

# VISAVADAR LION RESCUE DEATH

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામમાં સિંહણના રેસ્ક્યુ દરમિયાન કર્મચારી અશરફભાઈ ચૌહાણના મૃત્યુની દુઃખદ ઘટના ઘટી છે. જેને અત્યંત દુઃખદ ગણાવતા વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ પીડિત પરિવાર પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. આ સમગ્ર બનાવની તપાસ ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢના નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમરને સોંપવામાં આવી છે.

વન અને પર્યાવરણ મંત્રી મોઢવાડિયાએ મૃત્યુ પામનાર કર્મચારીના પરિવારને મળવાપાત્ર નાણાકીય સહાય ઉપરાંત મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય ચુકવાય તે દરખાસ્ત કરવાના વન વિભાગને આદેશ આપ્યા છે.

---

# GNR PASHUPALAK AWARD

ગાંધીનગરમાં આજે છ જાન્યુઆરીએ શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહ યોજાશે. પશુપાલન વ્યવસાયને વધુ વેગ આપવા અને પશુપાલકોના કૌશલ્યને બિરદાવવા NFSU ખાતે આ સમારોહનું આયોજન કરાયું છે.

## (VOICECAST: HEMANGINI SONARA)

(.... આધુનિક ટૅક્નોલૉજી અને પશુ સંવર્ધનની પરંપરાગત પદ્ધતિઓ દ્વારા દૂધ ઉત્પાદન અને પશુ સ્વાસ્થ્ય ક્ષેત્રે નવા માપદંડ સ્થાપિત કરનારા પશુપાલકોને પ્રોત્સાહિત કરાશે. ગાંધીનગરમાં યોજાનારા શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહમાં રાજ્યકક્ષાએ પહેલા ત્રણ ક્રમાંકના પશુપાલકોને પુરસ્કારની સાથે ક્રમશઃ એક લાખ, 51 હજાર અને 31 હજાર રૂપિયાની પ્રોત્સાહક રકમ, જ્યારે જિલ્લાકક્ષાએ 66 વિજેતા અને તાલુકાકક્ષાએ 496 જેટલા પુરસ્કાર વિજેતા પશુપાલકોને કુલ 91 લાખ રૂપિયાથી વધુની પ્રોત્સાહક રકમ એનાયત કરાશે. ગ્રામીણ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન પશુપાલન વ્યવસાયને વધુ વેગ આપવા અને પશુપાલકોના કૌશલ્યને બિરદાવવા માટે યોજાનારા સમારોહમાં પશુપાલન મંત્રી જીતુ વાઘાણી અને રાજ્યમંત્રી રમેશ કટારા વિજેતાઓને પુરસ્કારથી સન્માનિત કરશે.

હેમાંગિની સોનારા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.

---

# DANG MADHYANBHOJAN

**ડાંગમાં બાળકો માટે ખાસ પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરતી મધ્યાહ્ન ભોજન યોજનાનો તમામ 377 પ્રાથમિક શાળામાં લાભ મળી રહ્યો છે. મેનુ પ્રમાણે**

રુચિકર ભોજન અને નાસ્તો તેમજ દૂધ મળતા શાળામાં આવનાર બાળકોની સંખ્યામાં વધારો થયો છે.

હવે મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર ” યોજના હેઠળ સરકારી અને ગ્રાંટ-ઇન-એઇડ પ્રાથમિક શાળાઓના બાલવાટીકાથી ધોરણ-૮ સુધીના વિદ્યાર્થીઓને પીએમ પોષણ યોજનાના બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવે છે, તેમ બાળકોએ જણાવ્યું હતું.

## બાઇટ- વિદ્યાર્થિની

---

## BHAVNAGARA SIT

ભાવનગર જિલ્લાના બગદાણાના એક કોળી યુવક પર આઠ શખ્સો દ્વારા 29 ડિસેમ્બરના રાત્રિના કરાયેલા હુમલાના કેસની તપાસ માટે વિશેષ તપાસ દળની રચના કરવામાં આવી છે.

આ બનાવ અંગે ગઇકાલે કોળી સમાજના સાંસદો અને ધારાસભ્યોએ મુખ્યમંત્રી અને ગૃહમંત્રીની મુલાકાત લઇ રજૂઆત કરી હતી. દરમિયાન બગદાણા બનાવની તપાસ કરવા **SIT**ની રચના કરવામાં આવી છે.

---

## TAPI SCINECETIFIC ADVISORY COMMITTEE MEET

તાપી જિલ્લા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે **23**મી વૈજ્ઞાનિક સલાહકાર બેઠક નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિની અધ્યક્ષતામાં યોજાઈ હતી. દરેક ખેડુતો નવા સંશોધનો વિશે માહિતગાર થાય એ હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કાર્યરત છે.

આ બેઠકમાં ખેડૂતોને આવક વધારવા માટે વિવિધ આધુનિક પદ્ધતિઓનું માર્ગદર્શન અપાયું હોવાનું નવસારી કૃષિ યુનિર્સિટીના કુલપતિ ડૉ. ટી .આર. અહલાવતે જણાવ્યું હતું.

## બાઈટ - ડૉ. ટી. આર. અહલાવત (કુલપતિશ્રી)

---

## RASTRIY YUVA DIWAS GUJ

નવી દિલ્હી ખાતેના રાષ્ટ્રીય મહોત્સવ માટે ગુજરાતના કુલ 76 પ્રતિભાશાળી યુવાનોની પસંદગી કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા દર વર્ષે 12 જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે 2026 માં, 2047ના 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાના હેતુથી '29મા રાષ્ટ્રીય યુવા મહોત્સવનું "વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ તરીકે આયોજન કરવામાં આવ્યું છે.

---

## BHAVNAGAR FACK CURRENCY

ભારતીય ચલણની 200 રૂપિયાના દરની 343 બનાવટી ચલણી નોટ સહિત કુલ 55 હજાર 800 રૂપિયાના મુદ્દામાલ સાથે એક ઇસમને ભાવનગરની લોકલ ક્રાઇમ બ્રાન્ચે ઝડપ્યો છે. પોલીસને બાતમી મળી હતી તેના આધારે ભાવનગર

રેલવે સ્ટેશન નજીકથી આ આરોપીને ઝડપી લેવાયો હતો.     આ ઇસમ બજારમાં નકલી ચલણી નોટો વટાવવાની પેરવી કરી રહ્યો હતો.

---

## AMBAJI BHET

શક્તિપીઠ અંબાજી મંદિર ખાતે એક માઈભક્ત દ્વારા સોનાનો હાર ભેટ ધરવામાં આવ્યો છે, 263 ગ્રામ વજનના હારની કિંમત અંદાજિત 33 લાખ આંકવામાં આવી છે. અમદાવાદના  જય ભોલે ગ્રુપ દ્વારા તાજેતરમાં જ માતાજીને સોનાનો મુગટ ભેટ ધરવામાં આવ્યો હતો.

---

## WEATHER

રાજ્યમાં વધતી ઠંડી વચ્ચે હવામાન વિભાગે , આગામી 5 દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થવાની આગાહી કરી છે.     ત્યારબાદ ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે.

સત્તાવાર યાદી મુજબ, ગત 24 કલાકમાં અનેક જિલ્લાના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. સાત ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે કંડલા વિમાનમથક પર નવ , કેશોદમાં 10, ભુજ, રાજકોટ, ડીસા અને ગાંધીનગરમાં  11-11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. આ સિવાયના જિલ્લાઅને શહેરમાં લઘુત્તમ તાપમાન 11 ડિગ્રી સેલ્સિયસથી વધુનું રહ્યું છે.

---